# ક્યા સ્થળે કેટલી સિક્યોરિટીની જરૂર છે તેની માહિતી સોફ્ટવેર આપશે

એરપોર્ટ, રેલવે સ્ટેશન જેવા ભીડવાળા સ્થળે સિક્યોરિટી સિસ્ટમ મેનેજ કરવી ખૂબ જ જરૂરી છે. જો આ સ્થળે સુરક્ષા વ્યવસ્થામાં થોડી પણ ચૂક થાય તો મોટા અકસ્માત સર્જાતા છે. જે બાબતને કેન્દ્રમાં રાખી યુનિવર્સિટી ઓફ સધર્ન કેલિફોર્નિયાના પ્રોફેસર મિલિંદ ટેમ્બેનું વ્યાખ્યાન સિક્યોરિટી સોફ્ટવેર પર આઇઆઇટી કેમ્પસમાં યોજવામાં આવ્યું હતું.



> IIT-Gn ખાતે રોહમ નરસિમ્હા લેક્ચર સિરિઝ હેઠળ USAના પ્રોફેસર મિલિંદ ટેમ્બે 'સિક્યુરિટી સિસ્ટમ સોફ્ટવેર' વિશે વાત કરી

પ્રોફેસર મિલિંદ ટેમ્બે દ્વારા ગેઇમિંગ સિસ્ટમને આધારે એક અનોખું અલગોરિધમ બનાવવામાં આવ્યું છે. જેની મદદથી ક્યા સ્થળે કેટલા સુરક્ષા કર્મીઓની જરૂરિયાત છે. તેની માહિતી આ સોફ્ટવેર દ્વારા આપવામાં આવે છે. વળી ક્યા સમયે ક્યા સ્થળે કેટલા સુરક્ષા કર્મીઓની જરૂર છે તેની પણ માહિતી આ સિસ્ટમની મદદથી મેળવી શકાય છે. જેનાથી મેનપાવર ક્યા એરિયાની સિક્યોરિટીમાં વધારે કરવો તેની માહિતી આપોઆપ સોફ્ટવેરની મદદથી મળી જાય છે.

આ અંગે પ્રોફેસર મિલિંદ ટેમ્બે કહે છે કે ટૂંકા સમયમાં સુરક્ષાકર્મીઓને ક્યાં વધારે જરૂર છે તેની માહિતી આપતો ફોર્મ્યુલા ડેવલપ કર્યો છે. જેની મદદથી તેનું સોફ્ટવેર બનાવી તેના સિક્યોરિટી માટે અલગ અલગ સ્થળે વાપરી શકે છે. આ અલગોરિધમની મદદથી ક્યા સ્થળે કેટલી સિક્યોરિટીની જરૂર છે તેની સ્પષ્ટ માહિતી મળે છે. આ અનોખા ફોર્મ્યુલાનો બેઝ ગેઇમિંગ સિસ્ટમ ઉપર આધારિત છે.